Extra No. 2

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ]  THURSDAY, JANUARY 1, 2026 / PAUSHA 11, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧લી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના માહિતી અને પ્રસારણ વિભાગના તારીખઃ ૨૬મી ઓગસ્ટ, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ જીટી-૨૦૨૫-૨૧-બીડી/એમપીટી/ઈ-ફાઈલ/૧૦/૨૦૨૪/૦૨૮૬/બી.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેશ આર. રાઠોડ,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Regarding***

**The Deputy Director of Information, Class I and Assistant Director of Information (Journalism), Class II, Combined Competitive Examination Rules ,2025.**

**નાયબ માહિતી નિયામક, વર્ગ ૧ અને મદદનીશ માહિતી નિયામક (પત્રકારત્વ), વર્ગ ૨, સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૨૫ સંબંધી જાહેરનામું**

**માહિતી અને પ્રસારણ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી ઓગસ્ટ,૨૦૨૫

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંકઃ જીટી-૨૦૨૫-૨૧-બીડી/એમપીટી/ઈ-ફાઇલ/૧૦/૨૦૨૪/૦૨૮૬/બીઃ** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા અગાઉના તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, નાયબ માહિતી નિયામક, વર્ગ ૧ અને મદદનીશ માહિતી નિયામક (પત્રકારત્વ), વર્ગ ૨-ની જગા પર ભરતી માટેની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષાની પદ્ધતિનું નિયમન કરવા માટેની જોગવાઇ કરવા માટે નીચેના નિયમો કરે છેઃ-

૧. ટૂંકી સંજ્ઞા, આરંભ અને લાગુ પડવા બાબત.-

(૧) આ નિયમો નાયબ માહિતી નિયામક, વર્ગ ૧ અને મદદનીશ માહિતી નિયામક (પત્રકારત્વ), વર્ગ ૨, સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

(૩) તે અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલી જગા પર નિમણૂકને પાત્ર થતી હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે

૨. વ્યાખ્યા.- આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો,-

(ક) "આયોગ" એટલે ગુજરાત જાહેર સેવા આયોગ;

(ખ) "પરીક્ષા" એટલે અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલી જગાઓ પર ભરતી માટેની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા અને તેમાં નિયમ ૪માં ઉલ્લેખ કર્યા મુજબ પ્રારંભિક પરીક્ષા અને મુખ્ય પરીક્ષાનો સમાવેશ થાય છે;

(ગ) "સરકાર" એટલે ગુજરાત સરકાર;

(ઘ) "અગાઉના નિયમો" એટલે આ નિયમોની તરત પહેલાં પ્રવર્તમાન હોય તેવા નિયમો;

(ચ) "સંબંધિત ભરતી નિયમો" એટલે અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલી જગાઓ માટેના સરકારે ઠરાવેલા ભરતી નિયમો;

(છ) "અનુસૂચિ" એટલે આ નિયમો સાથે જોડેલી અનુસૂચિ;

(જ) "અનુસૂચિત જગાઓ" એટલે અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલી જગાઓ.

૩. પરીક્ષા યોજવા બાબત.- આયોગ, સરકાર તરફથી માગણી મળ્યેથી, અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલી જગાઓ પર ભરતી કરવા ઉમેદવારોની પસંદગી માટે સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા યોજશે.

૪. પરીક્ષાની પદ્ધતિ.- (૧) આ પરીક્ષા નીચેની રીતે બે ક્રમિક તબક્કામાં યોજાશે:-

(૧) મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારોની પસંદગી માટેની પ્રારંભિક પરીક્ષા (હેતુલક્ષી પ્રકારની); અને

(૨) અનુસૂચિત જગાઓ માટે ઉમેદવારોની આખરી પસંદગી માટે મુખ્ય પરીક્ષા (લેખિત અને વ્યક્તિગત કસોટી).

(૨) પ્રારંભિક પરીક્ષા અને મુખ્ય પરીક્ષા અનુસૂચિ ૨-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની રીતે યોજવી જોઇશે.

૫. અભ્યાસક્રમ.- આયોગ દરેક પ્રશ્નપત્ર માટે અભ્યાસક્રમની વિગતો નક્કી કરશે અને એવો અભ્યાસક્રમ આયોગે પોતાની સત્તાવાર વેબસાઇટ ઉપર જાહેર કરવો જોઇશે.

૬. પરીક્ષાનું માધ્યમ.- પ્રશ્નપત્ર નં. ૨ સિવાયનું પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે. મુખ્ય પરીક્ષામાં અંગ્રેજી ભાષા માટેનું (પરીક્ષાનું) માધ્યમ અંગ્રેજી રહેશે.

૭. પરીક્ષાનું સ્થળ.- (૧) આયોગ, પ્રારંભિક અને મુખ્ય પરીક્ષા (લેખિત)ની તારીખો અને સમય અને કયા સ્થળે યોજવી તે સ્થળો નક્કી કરશે.

(૨) વ્યક્તિત્વ કસોટી ગાંધીનગર ખાતે યોજાશે.

(૩) ઉમેદવારોએ, આયોગ જાહેર કરે તેવી તારીખે, સમયે અને સ્થળે તેમના પોતાના સ્વ-ખર્ચે પરીક્ષાના તમામ તબક્કામાં હાજર રહેવું પડશે.

૮. પરીક્ષા માટેની અરજી.- (૧) પ્રારંભિક પરીક્ષામાં ઉપસ્થિત થવા ઇચ્છતા ઉમેદવારે, આયોગ ઠરાવે તેવા નમૂનામાં, સરકાર નક્કી કરે તેટલી ફી સાથે અરજી કરવી જોઇશે.

(૨) આયોગે, મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે આયોગ દ્વારા પ્રવેશ માટે લાયક હોવાનું જાહેર કરેલા ઉમેદવારોએ, આયોગ ઠરાવે તેવા નમૂનામાં, સરકાર નક્કી કરે તેટલી ફી સાથે ફરીથી અરજી કરવી જોઇશે.

(૩) ફી, આયોગ દ્વારા ઠરાવવામાં આવે તેવી રીતે ચૂકવવી જોઇશે અને એક વખત ફી ભર્યા પછી પરત આપવામાં આવશે નહિ અથવા ત્યાર પછીની પરીક્ષા માટે રાખી મૂકવામાં આવશે નહિ.

(૪) અરજી પાછી ખેંચવા માટે ઉમેદવારે કરેલી વિનંતીને, કોઇપણ સંજોગોમાં ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

૯. પસંદગી ક્રમ.- ઉમેદવારે, વ્યક્તિત્વ કસોટીના સમયે, નિમણૂક માટે વિચારણા થાય તેમ ઇચ્છતો હોય તેવી જગાઓનો પસંદગી ક્રમ આયોગ ઠરાવે તેવી રીતે દર્શાવવો જોઇશે:

પરંતુ ઉમેદવારે, એક વખત આપેલી પસંદગી આખરી ગણાશે અને પસંદગીમાં સુધારા, વધારા, ફેરફાર અથવા તે બદલવા અંગેની કોઇ વિનંતી આયોગ દ્વારા અથવા સરકાર દ્વારા સ્વીકારવામાં આવશે નહિ.

મુખ્ય પરીક્ષા માટે લાયક જાહેર થયા હોય તેવા ઉમેદવારોએ, આયોગ દ્વારા વખતોવખત ઠરાવવામાં આવે તે રીતે, પરીક્ષાની વ્યક્તિત્વ કસોટીના આરંભ પહેલાં પોતાને રસ હોય તેવો ફાળવણી માટેનો પસંદગીનો ક્રમ ફરજિયાત દર્શાવવો જોઇશે.

૧૦. પાત્રતા માટેની શરત.- (૧) ઉમેદવાર પરીક્ષામાં પ્રવેશ મેળવવા માટે લાયક ગણાશે નહિ સિવાય કે તે,-

(ક) ભારતનો નાગરિક, અથવા

(ખ) નેપાળનો પ્રજાજન, અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન, અથવા

(ઘ) પાકિસ્તાન, મ્યાનમાર, શ્રીલંકા, પૂર્વ આફ્રિકાના કેન્યા, યુગાન્ડા, ટાન્ઝાનિયાના સંયુક્ત પ્રજાસત્તાક, ઝામ્બિયા, મલાવી, ઝૈર, ઈથીઓપીયા વગેરે દેશોમાંથી અને વિયેટનામમાંથી સ્થાળાંતર કરીને ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી સ્થળાંતર કર્યુ હોય તેવી ભારતીય મૂળની વ્યક્તિ હોય:

પરંતુ (ખ), (ગ) અથવા (ઘ) વર્ગમાં આવતા ઉમેદવારે, સરકારે કાઢી આપેલું પાત્રતાનું પ્રમાણપત્ર રજૂ કરવું જોઈશે.

(૨) જેણે પાત્રતાનું પ્રમાણપત્ર રજૂ કરવું જરૂરી હોય તેવા ઉમેદવારને, આયોગ દ્વારા લેવાતી પરીક્ષામાં ઉપસ્થિત રહેવાની છૂટ આપી શકાશે અને તેને સરકારે નક્કી કરેલી મુદતમાં પાત્રતાનું પ્રમાણપત્ર રજૂ કરવાને અધીન રહીને, કામચલાઉ નિમણૂક પણ આપી શકાશે.

૧૧. એકાધિક લગ્નના કારણે નિમણૂક માટેની ગેરલાયકાત.- (૧) (ક) જે વ્યક્તિના પતિ/પત્ની હયાત હોય તેવી વ્યક્તિ સાથે જેણે લગ્ન કર્યા હોય અથવા લગ્નનો કરાર કરેલ હોય તેવી કોઈ વ્યક્તિ, અથવા

(ખ) જે વ્યક્તિના પતિ/પત્ની હયાત હોય તેવી કોઈ વ્યક્તિએ, અન્ય વ્યક્તિ સાથે લગ્ન કર્યા હોય અથવા લગ્નનો કરાર કર્યો હોય તેવી કોઈ વ્યક્તિ,

-અનુસૂચિત જગાઓ ઉપર નિમણૂકને પાત્ર થશે નહિ:

પરંતુ તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાની જોગવાઈઓને અધીન રહીને, રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે તેમ કરવા માટેના ખાસ કારણો છે, તો તે, આ પેટા-નિયમના અમલમાંથી કોઈ વ્યક્તિને મુક્તિ આપી શકશે.

(૨) ઉમેદવારે, તે અથવા યથાપ્રસંગ, તેણી, પરીણિત છે કે કેમ અને પુરૂષ ઉમેદવારના કિસ્સામાં, તેને એક કરતાં વધુ હયાત પત્ની છે કે કેમ અને સ્ત્રી ઉમેદવારના કિસ્સામાં જેને બીજી પત્ની હયાત હોય તેવા પુરુષ સાથે, તેણીએ લગ્ન કરેલ છે કે કેમ તે અરજીપત્રમાં જાહેર કરવું પડશે.

૧૨. વય મર્યાદા.- પરીક્ષામાં પ્રવેશ માટે ઉમેદવાર, આયોગે જાહેરાતમાં જણાવેલી તારીખે ૨૦ વર્ષની વય ધરાવતો હોવો જોઇશે અને ૩૭ વર્ષની વય ધરાવતો હોવો જોઇશે નહિ:

૧૩. શૈક્ષણિક લાયકાત.- (૧) જગા માટેના સંબંધિત ભરતી નિયમો હેઠળ નિમણૂક માટેની જરૂરી શૈક્ષણિક લાયકાતો અને બીજી જરૂરિયાતો ધરાવતો હોય તેવો ઉમેદવાર પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર ગણાશે:

પરંતુ કોઈ ઉમેદવાર અનુસ્નાતકની પદવી પરીક્ષામાં બેઠો હોય, જે પરીક્ષા પાસ કરવાથી તે પ્રારંભિક પરીક્ષા માટે શૈક્ષણિક રીતે લાયક થતો હોય, પણ જેને પરીક્ષાના પરિણામની જાણ કરવામાં ન આવી હોય તેમજ જેઓ આવી લાયકી પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માંગતા હોય તેવા ઉમેદવારો પણ પ્રારંભિક પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર થશે. મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે લાયક જાહેર કરવામાં આવેલ હોય તેવા તમામ ઉમેદવારોએ મુખ્ય પરીક્ષા માટે રજૂ કરેલી તેમની અરજી સાથે જરૂરી પરીક્ષા પાસ કર્યાનો પુરાવો રજૂ કરવાનો રહેશે, તેમાં નિષ્ફળ રહે તેવા ઉમેદવારોને મુખ્ય પરીક્ષામાં પ્રવેશ આપવો જોઇશે નહિ અને ઉમેદવાર, જાહેરાતમાં આયોગે જણાવેલી તારીખે લઘુત્તમ વય મર્યાદાનો માપદંડ પરિપૂર્ણ કરતો હોવો જોઇશે.

(૨) મુખ્ય પરીક્ષા (લેખિત)માં ઉપસ્થિત રહેવા માટે આયોગ દ્વારા લાયક જાહેર કરવામાં આવેલ હોય તેવા તમામ ઉમેદવારોએ, મુખ્ય પરીક્ષા માટેની તેમની અરજી સાથે, પદવી પરીક્ષા પાસ કર્યાનો પુરાવો રજૂ કરવાનો રહેશે. પદવી પરીક્ષા પાસ કરવાનો પુરાવો રજૂ કરવામાં નિષ્ફળ રહે તેવો ઉમેદવાર, મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર થશે નહિ.

૧૪. આયોગનો નિર્ણય આખરી હોવા બાબત.- (૧) ઉમેદવાર તમામ બાબતોમાં યોગ્યતા (પાત્રતા) ધરાવે છે અને જરૂરી ફીની ચુકવણી કરવા સહિત તેણે તમામ જરૂરિયાતોનું પાલન કરેલ છે, તે બાબતોની આયોગને ખાતરી થાય તે સિવાય, કોઈ પણ ઉમેદવારને પરીક્ષામાં ઉપસ્થિત રહેવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

(૨) વધુ પસંદગી માટે ઉમેદવારની પાત્રતાના સંબંધમાં, આયોગનો નિર્ણય આખરી રહેશે.

૧૫. પરીક્ષા અંગેના નિયંત્રણો.- (૧) ઉમેદવારે તમામ પશ્નપત્રોના ઉત્તરો સ્વહસ્તાક્ષરમાં આપવાના રહેશે. તેમ છતાં, લહિયા(સ્ક્રાઇબ) મેળવવાને પાત્ર હોય તેવા આધારચિહ્ન (બેંચમાર્ક) અશક્તતાવાળા ઉમેદવારોને આયોગની મંજૂરીને અધીન રહીને, લહિયા (સ્ક્રાઇબ)ની મદદથી પરીક્ષા લખવાની પરવાનગી આપવામાં આવશે.

(૨) (ક) ઉમેદવારને સેલ્યુલર ફોન, પેજર અથવા બીજા કોઇ સંદેશા-વ્યવહારના મોબાઇલ સાધન અથવા ટેબલેટ અથવા લેપટોપ અથવા અન્ય ઉપકરણો પોતાની સાથે પરીક્ષા ખંડમાં લઇ જવાની પરવાનગી આપવામાં આવશે નહિ. તેનું પાલન કરવામાં ચૂક થયે, ઉમેદવારે પરીક્ષામાં ગેરરીતિ કરી હોવાનું ગણવું જોઇશે અને તેવા ઉમેદવાર સામે ઉમેદવારી રદબાતલ કરવા સહિતના પગલાં લેવાં જોઇશે.

(ખ) ઉમેદવારને પ્રારંભિક પરીક્ષામાં કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૧૬. મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત રહેવા બાબત.- પ્રારંભિક પરીક્ષામાં આયોગ દ્વારા પોતાની વિવેકબુદ્ધિથી નક્કી કરવામાં આવે તેટલા, લઘુત્તમ લાયકી ગુણ મેળવેલ હોય અને તમામ બાબતોમાં પાત્ર જણાય તેવા ઉમેદવારને મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત રહેવાની પરવાનગી આપવામાં આવશે અને મુખ્ય પરીક્ષામાં આયોગ દ્વારા પોતાની વિવેકબુદ્ધિથી નક્કી કરવામાં આવે તેટલા લઘુત્તમ લાયકી ગુણ મેળવેલ હોય અને તમામ બાબતોમાં પાત્ર જણાય તેવા ઉમેદવારને વ્યક્તિત્વ કસોટી માટે બોલાવવામાં આવશે.

પરંતુ આયોગનો એવો અભિપ્રાય હોય કે અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ અથવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (વિચરતી જાતિઓ અને વિમુક્ત જાતિઓ સહિત) અથવા આર્થિક રીતે નબળા વર્ગો માટે અનામત રાખેલી જગાઓને ભરવા માટેના સામાન્ય ધોરણના આધારે આ અનામત વર્ગોમાંથી પૂરતી સંખ્યામાં ઉમેદવારોને વ્યક્તિત્વ કસોટી માટે બોલાવવાની શક્યતા નથી, તો આયોગ દ્વારા પ્રારંભિક પરીક્ષા તેમજ મુખ્ય પરીક્ષા (લેખિત)માં ધોરણોની છૂટછાટ આપીને આવા ઉમેદવારોને વ્યક્તિત્વ કસોટી માટે બોલાવી શકાશે.

૧૭. ગુણવત્તાક્રમની યાદી.- (૧) મુખ્ય પરીક્ષા અને વ્યક્તિત્વ કસોટી પછી, દરેક ઉમેદવારને મુખ્ય પરીક્ષા અને વ્યક્તિત્વ કસોટીમાં આપેલા આખરી એકંદર ગુણના આધારે આયોગ દ્વારા ઉમેદવારોના નામો ગુણવત્તાક્રમમાં ગોઠવવા જોઇશે. તે પછી, આયોગ, બિનઅનામત ખાલી જગાઓની સામે ઉમેદવારોની ભલામણ કરવાના હેતુ માટે, મુખ્ય પરીક્ષા અને વ્યક્તિત્વ કસોટીના આધારે ભરવાની થતી બિનઅનામત ખાલી જગાઓની સંખ્યાના સંદર્ભમાં લાયકી ગુણ (જેનો આમાં હવે પછી, “સામાન્ય લાયકી ધોરણ” તરીકે ઉલ્લેખ કર્યો છે તે) નક્કી

કરશે. અનામત ખાલી જગાઓની સામે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ(વિચરતી જાતિઓ અને વિમુક્ત જાતિઓ સહિત) અને આર્થિક રીતે નબળા વર્ગોના અનામત વર્ગના ઉમેદવારોની ભલામણ કરવાના હેતુ માટે, આયોગ, મુખ્ય પરીક્ષા અને વ્યક્તિત્વ કસોટીના આધારે આ વર્ગો પૈકીના દરેક વર્ગની ભરવાની થતી અનામત ખાલી જગાની સંખ્યાના સંદર્ભમાં સામાન્ય લાયકી ધોરણમાં છૂટછાટ આપી શકશે:

પરંતુ પરીક્ષાના કોઇપણ તબક્કે પાત્રતા અથવા પસંદગીના માપદંડોમાં તેમને મળતી છૂટછાટો પૈકીની કોઇપણ છૂટછાટ લીધી ન હોય તેવા અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (વિચરતી જાતિઓ અને વિમુક્ત જાતિઓ સહિત) અને આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોની અને સામાન્ય લાયકી ધોરણને ધ્યાનમાં લીધા પછી આયોગ દ્વારા ભલામણ માટે યોગ્ય જણાતા હોય તેવા ઉમેદવારોની, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ(વિચરતી જાતિઓ અને વિમુક્ત જાતિઓ સહિત) અને આર્થિક રીતે નબળા વર્ગો માટેની અનામત ખાલી જગાઓની સામે ભલામણ કરવી જોઇશે નહિ.

(૨) આયોગ બિનઅનામત ખાલી જગાઓની સામે નિમણૂક માટે ઉમેદવારોની ઘટને પૂરી કરવા અને આ નિયમની જોગવાઇઓથી ઊભી થતી અનામત ખાલી જગાઓની સામે ઉમેદવારોની કોઇ વધનો સમાવેશ કરવા માટે લાયકી ધોરણને વધુ હળવી કરી શકશે.

(૩) પ્રતીક્ષા યાદી તૈયાર કરવામાં આવશે નહિ. કોઇ કારણસર ઉમેદવારો (સેવામાં) જોડાયા ન હોવાના કારણે, બાકી રહેલી ખાલી જગાઓ, કોઇ હોય, તો ત્યાર પછીની ભરતીમાં તેનો સમાવેશ કરવાનો રહેશે.

૧૮. વ્યક્તિત્વ કસોટીમાં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળ જાય તો (ઉમેદવારને) અપાત્ર ગણવા બાબત.- વ્યક્તિત્વ કસોટી માટે લાયક ઠરેલ હોય, પણ તે કસોટીમાં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળ જાય તેવો ઉમેદવાર, પસંદગી માટે પાત્ર ગણાશે નહિ.

૧૯. મુખ્ય પરીક્ષાનું પરિણામ.- (૧) આયોગે, અનુસૂચિત જગાઓની નિમણૂક માટે જેના નામોની સરકારને ભલામણ કરવાની હોય તેવા ઉમેદવારોનું પરિણામ, દરેક ઉમેદવારના બેઠક ક્રમાંક અને તેમણે મેળવેલા કુલ ગુણ સહિત, ઉમેદવારોના ગુણવત્તાક્રમ અનુસાર ગોઠવીને પ્રસિદ્ધ કરવું જોઇશે.

(૨) આયોગે, સફળ ઉમેદવારોના પરિણામની જાણ પોતે નક્કી કરે તેવી રીતે વ્યક્તિગત રીતે કરવી જોઇશે.

(૩) આયોગે, અસફળ ઉમેદવારોનું પરિણામ પણ દરેક ઉમેદવારના નામ, બેઠક ક્રમાંક અને તેણે મેળવેલા કુલ ગુણ સાથે પ્રસિદ્ધ કરવું જોઇશે.

(૪) આયોગે, ત્યાર પછી, રાજપત્રમાં પ્રસિદ્ધ કરવાના આખરી પરિણામની નકલ સરકારને મોકલવી જોઇશે.

૨૦. મુખ્ય પરીક્ષાના ગુણની ફેરચકાસણી.- (૧) મુખ્ય પરીક્ષા (લેખિત)ના પોતાના ગુણની ફેરચકાસણી કરાવવા ઇચ્છતો ઉમેદવાર, દરેક પ્રશ્નપત્ર માટે આયોગ નક્કી કરે તેટલી ફી સાથે, પરિણામ જાહેર થયાની તારીખથી પંદર દિવસની મુદતની અંદર, આયોગને અરજી કરી શકશે.

(૨) મુખ્ય પરીક્ષા અથવા તેના ભાગનું ગુણપત્રક મેળવવા ઈચ્છતા ઉમેદવારે, આખરી પરિણામની જાહેર થયાની તારીખથી પંદર દિવસની મુદતની અંદર, આયોગ નક્કી કરે તેટલી ફી સાથે આયોગને અરજી કરવાની રહેશે.

(૩) આખરી પરિણામની સત્તાવાર જાહેરાત પહેલાં કોઇપણ સંજોગોમાં, મુખ્ય પરીક્ષાના કોઇ ભાગના ગુણ જાહેર કરવામાં આવશે નહિ.

૨૧. સરકારને પરિણામ મોકલવા બાબત.- આખરી પરિણામની જાહેરાત થયે, આયોગે, બેઠક ક્રમાંક, નામ, ઉમેદવારનો વર્ગ, તેની જન્મ-તારીખ, શૈક્ષણિક લાયકાત અને સરકારનો માહિતી અને પ્રસારણ વિભાગ આદેશ કરે તેવી બીજી અન્ય વિગતો સાથે નિમણૂક માટે ભલામણ કરેલ હોય તેવા ઉમેદવારોની યાદી સરકારના માહિતી અને પ્રસારણ વિભાગમાં મોકલવી જોઈશે.

૨૨. નિમણૂક અંગેનો કોઈ હક મળશે નહિ.- પરીક્ષામાં માત્ર સફળ થવાથી જ નિમણૂક અંગેનો કોઈપણ હક મળશે નહિ અને જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી સરકારને એવી ખાતરી થાય કે અનુસૂચિત જગાઓ પર નિમણૂક માટે ઉમેદવાર તમામ રીતે યોગ્ય છે તે સિવાય, કોઈ ઉમેદવારની અનુસૂચિત જગાઓ પર નિમણૂક કરી શકાશે નહિ.

૨૩. તબીબી તપાસ.- ઉમેદવારે, સરકારે આ અર્થે કરેલા સંબંધિત ભરતી નિયમો અનુસાર, તબીબી યોગ્યતા કસોટી પાસ કરવાની રહેશે.

૨૪. અજમાયશી મુદત.- પસંદગી પામેલા ઉમેદવારે, અનુસૂચિત જગાઓના ભરતી નિયમોમાં ઠરાવેલ મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે. અજમાયશની મુદત, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ અનુસાર વધારી શકાશે.

૨૫. શિસ્તવિષયક પગલાં.-

જે ઉમેદવાર-

(૧) કોઈપણ સાધનો દ્વારા પોતાની ઉમેદવારી માટે ટેકો મેળવવા માટે;

(૨) ખોટું વ્યક્તિત્વ ધારણ કરવા માટે;

(૩) કોઈ વ્યક્તિને ખોટું વ્યક્તિત્વ ધારણ કરાવવા માટે;

(૪) બનાવટી દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો રજૂ કરવા માટે;

(૫) ભૂલવાળા અથવા ખોટા હોય તેવા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદન કરવા માટે;

(૬) પરીક્ષા માટેની પોતાની ઉમેદવારીના સંબંધમાં બીજા કોઇ નિયમ વિરુદ્ધના (અનિયમિત) અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે;

(૭) પરીક્ષા દરમિયાન ગેરવાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે;

(૮) લખાણોમાં અર્થહીન (બેહૂદી) ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અસંગત (અપ્રસ્તુત) બાબત લખાણમાં લખવા માટે;

(૯) પરીક્ષા ખંડમાં બીજી કોઈ રીતે ગેરવર્તણૂક કરવા માટે;

(૧૦) પરીક્ષાના સંચાલન માટે આયોગે કામે રાખેલ (રોકેલા) કર્મચારીવર્ગ (સ્ટાફ)ને હેરાન કરવા અથવા શારીરિક રીતે નુકસાન કરવા માટે;

(૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા તે પૈકીના કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથાપ્રસંગ, મદદગારી કરવા માટે; અથવા

(૧૨) પરીક્ષામાં ઉપસ્થિત રહેવાની ઉમેદવારોને પરવાનગી આપતા તેના પ્રવેશ પ્રમાણપત્ર સાથે તેમને આપેલ કોઈપણ સૂચના પૈકીની કોઈ સૂચનાનો ભંગ કરવા માટે, દોષિત ઠર્યા હોય અથવા આયોગે દોષિત હોવાનું જાહેર કર્યું હોય તે, તેની સામે ફોજદારી કાર્યવાહી ચલાવવાને પાત્ર થશે, તે ઉપરાંત, -

(ક) આયોગ દ્વારા, તે જે પરીક્ષામાં ઉમેદવાર હોય તે પરીક્ષા માટે ગેરલાયક ઠરાવવાને; અથવા

(ખ) કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત રહેવાને પાત્ર થશે.

(ગ) આયોગે યોજવાની થતી સીધી પસંદગી માટેની કોઈ પરીક્ષામાં અથવા વ્યક્તિત્વ કસોટીમાં ઉપસ્થિત રહેવામાંથી; અથવા

(ઘ) રાજ્ય સરકાર દ્વારા તેની હેઠળના કોઈ રોજગારમાંથી, કાયમી ધોરણે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત થવાને પાત્ર થશે:

પરંતુ ઉમેદવાર તે અર્થે કરવા માંગતા હોય તેવી લેખિત રજૂઆત કરવાની તેને તક આપ્યા સિવાય, ખંડ (ક) અથવા ખંડ (ખ) હેઠળની કોઇ શિક્ષા કરી શકાશે નહિ.

(ચ) તે સરકારી સેવામાં હોય, તો યોગ્ય નિયમો હેઠળ શિસ્તવિષયક કાર્યવાહીને પાત્ર થશે.

૨૬. અપવાદ.- આ નિયમોમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ નિયમોના આરંભ પહેલાં, અગાઉના નિયમો હેઠળ શરૂ કરવામાં આવેલી કોઇ કાર્યવાહી, તે પૂરી ન થાય ત્યાં સુધી, માન્ય રહેશે.

**અનુસૂચિ ૧**

(જુઓ નિયમ ૨(ચ))

જગાઓના નામ.

૧. વર્ગ ૧ જગા:

૧. નાયબ માહિતી નિયામક, વર્ગ ૧.

૨. વર્ગ ૨ જગા:

૧. મદદનીશ માહિતી નિયામક (પત્રકારત્વ), વર્ગ ૨.

**અનુસૂચિ ૨**

(જુઓ નિયમ ૫)

પરીક્ષાની રૂપરેખા.

વિભાગ:૧

પરીક્ષા ક્રમશ: બે ક્રમ (તબક્કા)માં રહેશે:

(૧) મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારોની પસંદગી માટે પ્રારંભિક પરીક્ષા (હેતુલક્ષી પ્રકાર);

(૨) અનુસૂચિત જગ્યાઓ માટે ઉમેદવારોની આખરી પસંદગી માટે મુખ્ય પરીક્ષા (લેખિત અને વ્યક્તિત્વ કસોટી

(૧) પ્રારંભિક પરીક્ષા.- પ્રારંભિક પરીક્ષા, હેતુલક્ષી પ્રકાર (બહુવિધ પસંદગી પ્રશ્નો)ના એક પેપર (પ્રશ્નપત્ર)ની રહેશે અને આ અનુસૂચિના વિભાગ-૨માં દર્શાવ્યા પ્રમાણે, વધુમાં વધુ કુલ ૩૦૦ ગુણની રહેશે. આ પરીક્ષા માત્ર પૃથક્કરણ કસોટી તરીકે જ રહેશે. મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે લાયક જાહેર કરાયેલ ઉમેદવારોએ પ્રારંભિક પરીક્ષામાં મેળવેલ ગુણ, તેનો આખરી ગુણવત્તાક્રમ નક્કી કરવા માટે ગણતરીમાં લેવાશે નહિ. મુખ્ય પરીક્ષામાં બેસવા દેવાના ઉમેદવારોની સંખ્યા, એવી રીતે જાહેરાત કરાયેલ સંભવિત જગ્યાઓની કુલ સંખ્યાની આશરે પંદર ગણી રહેશે. આયોગે, પ્રારંભિક પરીક્ષામાં લાયક જાહેર કરેલ હોય તે ઉમેદવાર જ અન્યથા મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે લાયક હોય તે શરતને અધીન રહીને, માત્ર મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે લાયક ગણાશે.

(૨) મુખ્ય પરીક્ષા.- મુખ્ય પરીક્ષા, વર્ણનાત્મક લેખિત પરીક્ષા પ્રકાર (પ્રણાલીગત પ્રકાર)ની ત્રણ પેપરો (પ્રશ્નપત્રો)ની રહેશે અને આ અનુસૂચિના વિભાગ-૩માં દર્શાવ્યા પ્રમાણે, કુલ ૪૫૦ ગુણની રહેશે. મુખ્ય પરીક્ષામાં, આયોગ નક્કી કરે તેવા ઓછામાં ઓછા લાયકી ગુણ મેળવે તેવા ઉમેદવારને વ્યક્તિત્વ કસોટી માટે બોલાવવામાં આવશે. વ્યક્તિત્વ કસોટી માટે બોલાવવાના ઉમેદવારોની સંખ્યા, એવી રીતે જાહેરાત કરાયેલ જગ્યાની સંખ્યાથી આશરે ત્રણ ગણી રહેશે

વ્યક્તિગત કસોટી.- વ્યક્તિત્વ કસોટી, આ અનુસૂચિના વિભાગ-૪માં દર્શાવ્યા પ્રમાણે, કોઇ પણ ઓછામાં ઓછા લાયકી ગુણ સિવાય, કુલ ૫૦ ગુણની રહેશે. ઉમેદવારોએ, મુખ્ય પરીક્ષા અને વ્યક્તિત્વ કસોટીમાં મેળવેલ ગુણ, તેમનો આખરી ક્રમ નક્કી કરશે.

વિભાગ: ૨ પ્રારંભિક પરીક્ષા માટેની રૂપરેખા અને વિષયો:-

પ્રારંભિક પરીક્ષા નીચે પ્રમાણેના પેપરો (પ્રશ્નપત્રો) અને કુલ ૩૦૦ ગુણની રહેશે:-

| પ્રશ્નપત્ર | પરીક્ષાનો પ્રકાર | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|---|
| ૧ | હેતુલક્ષી | સામાન્ય અભ્યાસ | ૧૦૦ | ત્રણ કલાક |
| | | પત્રકારત્વ | ૨૦૦ | |
| | | **કુલ ગુણ** | **૩૦૦** | |

**નોંધ:-**

(૧) સામાન્ય અભ્યાસ પ્રશ્નપત્ર માટેનો અભ્યાસક્રમ, આયોગ ઠરાવે અને જાહેર કરે તેવો રહેશે.

(૨) સામાન્ય અભ્યાસ પ્રશ્નપત્ર માટેના અભ્યાસક્રમનું વિષયવસ્તુ અને ધોરણ ડિગ્રી (પદવી) કક્ષાનું રહેશે.

(૩) પત્રકારત્વ પ્રશ્નપત્ર માટેના અભ્યાસક્રમનું વિષયવસ્તુ અનેધોરણ અનુસ્નાતક કક્ષાનું રહેશે.

(૪) તમામ પ્રશ્નોનું માધ્યમ ગુજરાતી રહેશે.

(૫) પ્રારંભિક પરીક્ષામાં મેળવેલ ગુણ, તેનો આખરી ગુણવત્તાક્રમ નક્કી કરવા માટે ગણતરીમાં લેવાશે નહિ.

(૬) લહિયા (સ્ક્રાઇબ) મેળવવાને પાત્ર હોય તેવા આધારચિહ્ન (બેંચમાર્ક) અશક્તતાવાળા ઉમેદવારોને જ દરેક પ્રશ્નપત્ર માટે દરેક કલાક દીઠ વીસ મિનિટનો વધારાનો સમય આપી શકાશે.

વિભાગ: ૩ મુખ્ય પરીક્ષા માટેની રૂપરેખા અને વિષયો:-

મુખ્ય પરીક્ષા નીચે પ્રમાણેના પેપરો (પ્રશ્નપત્રો), વિષયો, ગુણ અને સમયગાળાની રહેશે:-

| પ્રશ્નપત્ર | પરીક્ષાનો પ્રકાર | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|---|
| ૧. | વર્ણનાત્મક | ગુજરાતી ભાષા | ૧૫૦ | ૩ કલાક |
| ૨. | | અંગ્રેજી ભાષા | ૧૫૦ | ૩ કલાક |

| | | | | |
|---|---|---|---|---|
| ૩. | | પત્રકારત્વ | ૧૫૦ | ૩ કલાક |
| | | **કુલ ગુણ (મુખ્ય પરીક્ષા)** | **૪૫૦** | - |
| | | **વ્યક્તિત્વ કસોટી** | **૫૦** | |

**નોંધ:-**

(૧) ગુજરાતી પ્રશ્નપત્રનું ધોરણ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ધોરણ બાર (ઉચ્ચ કક્ષા)ના ગુજરાતી વિષયોની સમકક્ષ રહેશે.

(૨) અંગ્રેજી પ્રશ્નપત્રનું ધોરણ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ધોરણ બાર (નિમ્ન કક્ષા)ના અંગ્રેજી વિષયોની સમકક્ષ રહેશે.

(૩) પ્રશ્નપત્ર ક્રમાંક. ૧ અને ૩-નું માધ્યમ ગુજરાતી રહેશે.

(૪) પ્રશ્નપત્ર ક્રમાંક. ૨-નું માધ્યમ અંગ્રેજી રહેશે

(૫) દરેક પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ, આયોગ ઠરાવે અને જાહેર કરે તેવો રહેશે.

(૬) પત્રકારત્વ પ્રશ્નપત્ર માટેના અભ્યાસક્રમનું વિષયવસ્તુ અને ધોરણ અનુસ્નાતક કક્ષાનું રહેશે.

(૭) લહિયા (સ્ક્રાઇબ) મેળવવાને પાત્ર હોય તેવા આધારચિહ્ન (બેંચમાર્ક) અશક્તતાવાળા ઉમેદવારોને જ દરેક પ્રશ્નપત્ર માટે દરેક કલાક દીઠ વીસ મિનિટનો વધારાનો સમય આપી શકાશે.

વિભાગ: ૪ વ્યક્તિત્વ કસોટી.- ૫૦ ગુણ

વ્યક્તિત્વ કસોટી, કોઈપણ લઘુત્તમ લાયકી ગુણ વિના ૫૦ ગુણની રહેશે. ઉમેદવાર દ્વારા મુખ્ય પરીક્ષા (લેખિત અને વ્યક્તિત્વ કસોટી)માં મેળવેલ એકંદર ગુણ તેમનો આખરી ક્રમાંક નક્કી કરશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**વી. બી. દેસાઇ,**

સરકારના નાયબ સચિવ.

---------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.01.19 08:44:02 IST